| નાણાકીય સહાય નીતિ (Financial Assistance Policy) | PFS-051 |
|---|---|
| - Penn State Health મહેસૂલ ચક્ર<br>દર્દી માટેની નાણાકીય સહાય | અમલીકરણ તારીખ:<br>26લી જાન્યુઆરી, 2022 |

**કાર્યક્ષેત્ર અને ઉદ્દેશ** *આ દસ્તાવેજ નીચે સૂચવવામાં આવેલા લોકો અને Penn State Health ઘટકોની પ્રક્રિયાઓને લાગુ પડે છે:*

| | | | |
|---|---|---|---|
| | Penn State Health Shared Services | | Penn State College of Medicine |
| X | Milton S. Hershey Medical Center | X | મેડિકલ ગ્રુપ - એકેડેમિક પ્રેક્ટિસ ડિવિઝન |
| | St. Joseph Medical Center | X | મેડિકલ ગ્રુપ - કોમ્યુનિટી પ્રેક્ટિસ ડિવિઝન |
| | Holy Spirit Medical Center | X | Spirit Physician Services, Inc. |
| X | Hampden Medical Center – 10/1/21 થી લાગુ | X | Penn State Health Life Lion, LLC |

## હેતુ

પેન સ્ટેટ હેલ્થ (Penn State Health, PSH) દ્વારા આવરી લેવામાં આવેલ આરોગ્ય સેવા પ્રદાતાઓ દ્વારા કે સ્થળે તબીબી રીતે આવશ્યક કે કટોકટીની સારવાર મેળવનાર લાયક દર્દીઓ જે માપદંડો અંતર્ગત નાણાકીય સહાયની વિનંતી કરી શકે કે તેને મંજૂરી આપી શકાય, તે માપદંડો વ્યાખ્યાયિત કરવા.

પ્રદાતા યાદી પરિશિષ્ટ A, B, C, D અને E આરોગ્ય સંભાળ પ્રદાતાઓ/સેવાઓની સૂચિ છે જે આ નાણાકીય સહાય નીતિ હેઠળ આવરી લેવામાં આવે છે અથવા આવરી લેવામાં આવતી નથી.

## કાર્યક્ષેત્ર

તે તમામ કર્મચારી કે જેમનો સંપર્ક નાણાકીય ચિંતાઓ વ્યકત કરનારા દર્દીઓ સાથે થતો હોય.

## નીતિ અને પ્રક્રિયા નિવેદનો

### વ્યાખ્યાઓ

**સામાન્ય રીતે થતી બિલની રકમ (Amount Generally Billed, AGB) ની વ્યાખ્યા:** AGB અથવા કુલ શુલ્ક પરની મર્યાદા IRS 501R સાથેના અંતિમ નિયમ મુજબ લુકબેક પદ્ધતિનો ઉપયોગ કરીને PSH

દ્વારા ગણવામાં આવે છે. PSH ખાનગી સ્વાસ્થ્ય વીમા કંપનીઓ અને Medicare દ્વારા ચૂકવવામાં આવેલા તમામ દાવાઓની સરેરાશ ચૂકવણીની ગણતરી કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરશે. માત્ર તાત્કાલિક અથવા તબીબી રીતે જરૂરી સંભાળ માટે પાત્ર વ્યક્તિઓ પાસેથી સામાન્ય રીતે થતી બિલની રકમથી વધુ શુલ્ક લેવામાં આવશે નહીં. PSH વિનંતી કરનારા દર્દીઓને વર્તમાન AGB ગણતરીની નિઃશુલ્ક લેખિત નકલ ઉપલબ્ધ કરશે. તેની એવી ચેરીટી કેર (નાણાકીય સહાય) ડિસ્કાઉન્ટ સાથે ગેરસમજ ના થવી જોઇએ, કે જેમાં જો વ્યક્તિઓનું FAP મંજૂર કરવામાં આવેલ હોય તો, એ 100% પર લાગુ કરવામાં આવે છે.

**બેલેન્સ બિલિંગ – સરપ્રાઇઝ બિલ્સ :** ફેડરલ કાયદા અનુસાર, નો સરપ્રાઈઝ એક્ટ, Penn State Health દર્દીઓને સરપ્રાઇઝ બિલ્સ મેળવવાથી બચાવવા બાબતે પ્રતિબદ્ધ છે, જે જો Penn State Health ફેસિલિટી અથવા પ્રદાતા જે તેઓ પાસેથી કાળજી લે છે તે તેમની સ્વાસ્થ્ય યોજના માટે આઉટ-ઓફ-નેટવર્ક હોય તો દર્દીઓને મળશે. જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા અથવા સુવિધા દર્દીઓને તેમની સ્વાસ્થ્ય યોજનાની ચૂકવણી કરવા માટે સંમત થયા છે અને આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા દ્વારા લેવામાં આવતી સંપૂર્ણ રકમ અથવા સેવા માટે સુવિધા વચ્ચેના તફાવત માટે બિલ આપે છે, ત્યારે તેને "બેલેન્સ બિલિંગ" તરીકે ઓળખવામાં આવે છે. "સરપ્રાઈઝ બિલ" એ અનપેક્ષિત બેલેન્સ બિલ છે. નો સરપ્રાઈઝ એક્ટ દર્દીઓને જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા અથવા સુવિધા તરફથી આકસ્મિકતાની સંભાળ માટે જોવામાં આવે ત્યારે અથવા જ્યારે આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતા દર્દીની ઇન-નેટવર્ક હોસ્પિટલમાં સારવાર કરે છે ત્યારે દર્દીઓને ભારે બિલ મેળવવાથી રક્ષણ આપે છે. જો Penn State Health ફેસિલિટી અથવા પ્રદાતા આઉટ-ઓફ-નેટવર્ક હોય, તો Penn State Health કવર કરેલી આકસ્મિકતાની સેવાઓ અથવા પોસ્ટ-સ્ટેબિલાઇઝેશન સેવાઓ માટે બિલને બેલેન્સ કરશે નહીં.

**ગણતરીપાત્ર સંપત્તિ** ને એવી સંપત્તિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે જે સ્વાસ્થ્ય સંભાળ જવાબદારીઓની ચુકવણી માટે ઉપલબ્ધ છે, જેમ કે રોકડ/બેંક એકાઉન્ટ, ડિપોઝિટના પ્રમાણપત્રો, બોન્ડ, શેર, મ્યુચ્યુઅલ ફંડ અથવા પેન્શન લાભો. સ્વાસ્થ્ય સેવા વિભાગ (Department of Health Services, DHS) માં વ્યાખ્યાયિત તબીબી સહાય બુલેટિન, હોસ્પિટલે સરભર ન કરેલ સંભાળ કાર્યક્રમ અને ચેરીટી યોજનાઓની ગણતરીપાત્ર સંપતિમાં ઘર, વાહન, ઘરગથ્થુ ચીજો, IRA અને 401K એકાઉન્ટ જેવી નોન-લિકવીડ સંપતિ શામેલ નથી.

**કટોકટી વખતની સંભાળ:** દર્દીને પૂરી પાડવામાં આવતી કટોકટી વખતની તબીબી સંભાળને, આ મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવે છે:

- પૂરતી તીવ્રતાના તીવ્ર લક્ષણો (દા.ત. તીવ્ર પીડા, માનસિક વિક્ષેપો અને/અથવા માદક દ્રવ્યોના દુરુપયોગના લક્ષણો વગેરે) દ્વારા પ્રગટ થતી તબીબી સ્થિતિ એવી છે કે તાત્કાલિક તબીબી સારવારની ગેરહાજરી નીચેનામાંથી એકમાં પરિણમે તેવી વાજબી અપેક્ષા રાખી શકાય:
    - દર્દી (અથવા, સગર્ભા મહિલાના સંબંધમાં, મહિલા કે તેણીના ગર્ભસ્થ બાળકના સ્વાસ્થ્ય) નું આરોગ્ય ગંભીર જોખમમાં મુકવું, અથવા
    - શારીરિક કામગીરીમાં ગંભીર ક્ષતિ, અથવા
    - કોઈપણ શારીરિક અંગ અથવા ભાગની ગંભીર અક્ષમતા.
    - ગર્ભાશયનું સંકોચન થતું હોય તેવી સગર્ભા મહિલાના સંદર્ભમાં કે જેને પ્રસૂતિ પહેલાં અન્ય હોસ્પિટલમાં સ્થાનાંતર કરવા માટે અપૂરતો સમય હોય, અથવા સ્થાનાંતર કરવાથી સગર્ભા મહિલા કે તેણીના ગર્ભસ્થ બાળકના આરોગ્ય કે સુરક્ષા સામે ભય પેદા કરી શકે છે.

**ફેડરલ ગરીબી આવક સ્તર** દર વર્ષે જાન્યુઆરીમાં ફેડરલ રજીસ્ટ્રીમાં ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ (Department of Health and Human Services, HHS) દ્વારા જાહેર કરવામાં આવે છે.
https://aspe.hhs.gov/poverty-guidelines

**નાણાકીય સહાય** નો અર્થ એવો થાય છે કે નિઃશુલ્ક સંભાળ અથવા ડિસ્કાઉન્ટ વાળી સંભાળ પ્રાપ્ત કરવાની ક્ષમતા. એવા દર્દીઓ કે જેઓ વીમો ન ધરાવતા હોય/વીમો ધરાવતા હોય અને તબીબી રીતે જરૂરી સંભાળ મેળવતા હોય, જેઓ સરકારી અથવા અન્ય વીમા કવરેજ મેળવવા માટે ગેરલાયક હોય, અને જેમની પરિવારિક આવક U.S ફેડરલ ગરીબી સ્તર ના 300% જેટલી અથવા તેનાથી ઓછી હોય, તેઓ આ નીતિના પાલન હેઠળ નિઃશુલ્ક સંભાળ મેળવવા માટે પાત્ર બનશે.

**તબીબી રીતે જરૂરી** નો અર્થ એવો થાય છે કે એવી સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ કે જે પર કુશળ તબીબી નિર્ણયનો ઉપયોગ કરીને, પ્રદાતા સામાન્ય રીતે તબીબી પ્રેક્ટિસના સ્વીકૃત ધોરણો અનુસાર દર્દીને બીમારી, ઇજા, રોગ અથવા તેના લક્ષણોને અટકાવવા, મૂલ્યાંકન કરવા, નિદાન કરવા અથવા સારવારના હેતુ માટે પ્રદાન કરશે

- સામાન્ય રીતે તબીબી પ્રેક્ટિસના સ્વીકૃત ધોરણો અનુસાર.
    - આ હેતુઓ માટે, "સામાન્ય રીતે તબીબી પ્રેક્ટિસના સ્વીકૃત ધોરણો અનુસાર" નો અર્થ એવો થાય છે કે, એવા ધોરણો કે જે તબીબી સાહિત્યની સમકક્ષ સમીક્ષામાં

જાહેર કરાયેલા વિશ્વસનીય વૈજ્ઞાનિક પુરાવાઓ પર આધારિત હોય સામાન્ય રીતે જેને સબંધિત તબીબી સમુદાય દ્વારા ઓળખાવવામાં આવેલા હોય અથવા તબીબી ચુકાદાને શામેલ કરતાં પોલિસીના મુદ્દાઓમાં નિર્ધારિત ધોરણો સાથે સુસંગત હોય.

- પ્રકાર, અંતરાયો, પ્રમાણ, સ્થળ અને અવધિની દૃષ્ટિએ તબીબી રીતે યોગ્ય માનવામાં આવતું હોય અને દર્દીની માંદગી, ઈજા અથવા રોગ માટે અસરકારક માનવામાં આવતું હોય.
- પ્રાથમિક રીતે તે દર્દી, તબીબ કે અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાની સુવિધા માટે ના હોય, અને તે દર્દીની બિમારી, ઈજા કે માંદગીના ઉપચાર કે નિદાન માટેની વૈકલ્પિક સેવાઓ કે સેવાઓની શ્રેણી કરતાં મોંઘા ના હોય, ઓછામાં ઓછા તે દર્દીની બિમારી, ઈજા કે માંદગીના નિદાનો કે સારવારના પરિણામે સમાન ઉપચાર કે નિદાન તૈયાર કરવાની સંભાવના હોય.
- દરેક કેસના આધારે સેવાઓ, વસ્તુઓ અથવા પ્રક્રિયાઓને તપાસાધીન અથવા પ્રાયોગિક તરીકે સંબોધવામાં આવશે.
- આકસ્મિક તબીબી પરિસ્થિતિ માટે આવશ્યક તબીબી સારવાર.

**અનુમાનિત નાણાકીય સહાય** એક એવા વ્યક્તિને સૂચિત કરે છે, જેને દર્દી અથવા ટેક્નોલોજીના સ્ત્રોતો દ્વારા પૂરતી માહિતી પૂરી પાડવામાં આવે, ત્યારે તે અસ્વસ્થ હોય અને તેને નાણાકીય સહાય માટે યોગ્ય ગણવામાં આવે, જે PSH ને એ નિર્ણય લેવા માટે પરવાનગી આપે છે કે તે વ્યક્તિ નાણાકીય સહાય માટે પાત્ર છે. ટેકનોલોજી સ્ત્રોતોમાં સિક્યોર મેડિકલ આસિસ્ટન્સ એલિજિબિલિટી અને વેરિફિકેશન વેબ પોર્ટલ્સનો સમાવેશ થાય છે જેમ કે, પરંતુ Compass અને NaviNet સુધી મર્યાદિત નથી. અનુમાનિત ચેરીટીને સહકાર આપતા પરિબળોમાં સામેલ છે, પરંતુ તેના પુરતા મર્યાદિત નથી: બેઘર, આવક ન ધરાવતા લોકો, સ્ત્રીઓ, નવજાત શિશુઓ અને બાળકોના પ્રોગ્રામ (Women's, Infants and Children's programs, WIC) માટે પાત્રતા, ફૂડ સ્ટેમ્પની પાત્રતા,માન્ય સરનામા તરીકે પ્રદાન કરેલ ઓછી આવકવાળું ઘર, કોઈ જાણીતી મિલકત ન ધરાવતા મૃત દર્દીઓ અથવા સ્ટેટના ભંડોળવાળા પ્રિસ્ક્રિપ્શન કાર્યક્રમોમાં યોગ્યતા ધરાવતા.

**વીમો ન ધરાવતા દર્દી** નો એવો અર્થ થાય છે કે એક એવી વ્યક્તિ જે કોઈપણ તૃતીય પક્ષના વિમાદાતા દ્વારા, કોઈ ERISA પ્લાન, Federal Health Care Program (The Federal or State Health Insurance Marketplace, Medicare, Medicaid, SCHIP, અને Tricare સહિત), કામદારોનું વળતર, તબીબી સેવિંગ્સ એકાઉન્ટ અથવા તમામ બિલ કે બિલના કોઈ ભાગ માટે અન્ય કોઈ કવરેજ ધરાવતા ન હોય. દર્દીઓની વીમા નીતિમાં રેખાંકિત કર્યા મુજબના એવા દર્દીઓ કે જેમણે તેમના વીમા કવરેજનો વપરાશ કરી લીધો હોય અથવા કવર નહીં કરેલી સેવાઓ હોય તેને બિન-વીમિત ગણવામાં આવશે નહીં.

## નીતિ અને/અથવા પ્રક્રિયા નિવેદનો

### સૂચનાઓ:

- આ નાણાકીય સહાય નીતિ, નાણાકીય સહાયતા અરજી અને સાદી ભાષામાં લેખિત સારાંશ જાહેર જનતા માટે વિનંતી પર ઉપલબ્ધ કરવામાં આવશે.
- દર્દી બિલિંગ નિવેદનમાં નાણાકીય સહાયતાની ઉપલબ્ધતા વિશેની માહિતી શામેલ હશે.
- આ પ્રોગ્રામની ઉપલબ્ધતાની સૂચના દર્દીના નોંધણી વિસ્તારોમાંની હોસ્પિટલ, ક્લિનિક અને PSH વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવશે.
- નાણાકીય સહાયતા નીતિ અને અરજી તમામ આઉટપેશન્ટ ક્લિનિક વિસ્તારના સ્થળ પર ઉપલબ્ધ થશે.
- જો કોઈપણ વસ્તીની પ્રાથમિક ભાષા 1,000 અથવા 5% થી ઓછાં લોકોના સમુદાયનું નિર્માણ કરતી હોય, તો FAP તે ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- નાણાકીય સહાયતા નીતિ અને અરજી જ્યાં PSH ભાગ લેશે ત્યાં સમુદાયના આઉટરીચ કાર્યક્રમ પર ઉપલબ્ધ કરવામાં આવશે.
- 120/240 દિવસનો નિયમ - વ્યક્તિને FAP અંગે જાણ કરવા માટે આરોગ્ય સુવિધાને 120 દિવસનો સમય જોઇતો હોય છે અને એક આરોગ્ય સુવિધાને એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલ આવેદનની પ્રક્રિયા કરવા 240 દિવસનો સમય જોઇતો હોય છે. પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખ પછી ઓછામાં ઓછા 120 દિવસની સમાપ્તિની સૂચના સમયગાળા દરમિયાન PSH નોટિસ આપશે. હોસ્પિટલ સુવિધા એક એવી વ્યક્તિ સામે ECAs (extraordinary collection actions) શરૂ ન કરી શકે જેની FAP પાત્રતા તેના ડિસ્ચાર્જ પછીના પ્રથમ સ્ટેટમેન્ટના 120 દિવસ પહેલાં નક્કી કરવામાં આવેલ ન હોય.
- PSH 501R બિલિંગ અને કલેક્શન આવશ્યકતાઓનું પાલન કરે છે.
- PSH જ્યારે લાગુ થશે ત્યારે નો સરપ્રાઈઝ એક્ટનું પાલન કરશે.

### લાયકાતના ધોરણ:

- નાણાકીય સહાય નીચે આપેલી માર્ગદર્શિકા મુજબ કુટુંબની આવકના આધારે મંજૂર કરવામાં આવે છે. તબીબી જરૂરી સેવાઓના ખર્ચ માટેની લાયકાત ધરાવતા દર્દીઓ 100% મફત સંભાળ માટે પાત્ર રહેશે. PSH વીમિત ન હોય તેવા પાત્ર FAP અથવા બિન-FAP પાત્ર વ્યક્તિ પાસેથી ઇમરજન્સી અથવા તબીબી રીતે જરૂરી હોય, તેવી અન્ય કાળજી માટે સામાન્યપણે બિલ કરવામાં આવેલ હોય (AGB) તેના કરતાં વધારે શુલ્ક નહીં લે.

| કુટુંબનું કદ | કુલ આવક | નાણાકીય સહાય ડિસ્કાઉન્ટ |
|---|---|---|
| 1 | $40,770.00 | 100% |
| 2 | $54,930.00 | 100% |
| 3 | $69,090.00 | 100% |
| 4 | $83,250.00 | 100% |
| 5 | $97,410.00 | 100% |
| 6 | $111,570.00 | 100% |
| 7 | $125,730.00 | 100% |
| 8 | $139,890.00 | 100% |

*8 (આઠ) કરતા વધુ લોકોના કુટુંબ માટે, દરેક વધારાની વ્યક્તિ માટે $14,160.00 ઉમેરો.

- નાણાકીય સહાય માટેનું મૂલ્યાંકન નાણાકીય સહાય અરજીની પૂર્તિ સાથે શરૂ થાય છે. તે પૂર્ણ થયેલ, બાંયધરી આપનાર દ્વારા હસ્તાક્ષર કરાયેલ અને હાલની તારીખનું હોવું આવશ્યક છે. (બિડાણ જુઓ)
- દર્દી યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક, સ્થાયી કાનૂની નિવાસી અથવા PA નિવાસી હોવા આવશ્યક છે, જે રહેઠાણના પુરાવા પ્રદાન કરી શકે છે (યુ.એસ.માંથી બહાર રહેતા બિન-અમેરિકન નાગરિકોને બાકાત રાખે છે).
- દર્દીએ તબીબી સહાય માટે ફેડરલ અથવા સ્ટેટ વીમા બજાર (જ્યાં સુધી અપવાદનો પુરાવો પૂરો પાડવામાં ના આવે) અથવા અન્ય નાણાકીય સહાય માટે મંજૂરી મેળવ્યા પહેલા લાગુ પડતી અન્ય કોઈપણ તૃતીય પક્ષની ચુકવણી સ્રોત માટે અરજી કરવી આવશ્યક છે.
  - તબીબી સહાય માટે અરજી કરવામાંથી મુક્તિ મેળવનારા સ્વ-વેતન બાળકોને આંશિક નાણાકીય સહાય આપવામાં આવી શકે છે.
- તબીબી બિલની ચુકવણી માટેના અન્ય તમામ વિકલ્પો સમાપ્ત થઈ ગયા છે, જેમાં સામેલ છે પરંતુ તે સુધી મર્યાદિત નથી; ચર્ચ અથવા ખાનગી ભંડોળ ઊભું કરવું, ચેરીટી કાર્યક્રમો અથવા અનુદાન. વૈકલ્પિક ચુકવણી વિકલ્પોને અનુસરવા માટે દર્દી તરફથી અથવા બાંયધરી આપનાર તરફથી અસહકારને કારણે, તેમને નાણાકીય સહાયની વિચારણાથી અયોગ્ય ઠેરવવામાં આવી શકે છે.
  - દર્દી પાસે તેમના બિલ ચૂકવવા માટે પૂરતી ગણતરીપાત્ર સંપત્તિ હોય અને તે ગણતરીપાત્ર સંપત્તિની પ્રવાહિતતાને કારણે દર્દીને કોઈ અયોગ્ય મુશ્કેલી ન થતી હોય તો, નાણાકીય સહાય ઓફર કરી શકાતી નથી.

- **RC-12** મૃત્યુ પામેલા દર્દી/બાંયધરી આપનારની એકાઉન્ટ રિઝોલ્યુશન પોલિસીમાં સ્થાપિત ધોરણોના આધારે કોઈ પણ મૃત દર્દીને નાણાકીય સહાય આપવામાં આવશે.
- નિઃશુલ્ક સંભાળ ક્લિનિક સાથેના પ્રોગ્રામના (દા.ત. Hope Within, Centre Volunteers in Medicine, વગેરે.) પરિણામરૂપે નિઃશુલ્ક સંભાળ ક્લિનિક દ્વારા એકઠા કરવામાં આવેલા અથવા નક્કી કરવામાં આવેલા આધારો પર નાણાકીય સહાય આપવામાં આવી શકે છે.
- ચૂંટવામાં આવેલી સેવાઓ, જેવી કે, પણ એટલા જ સુધી સીમિત નહીં તેવી કોસ્મેટિક, ઇનવીટ્રો/ઇનફર્ટિલિટી, ગ્લાસિસ, હીઅરિંગ એઇડસ, પેનલ ઇમ્પ્લાન્ટસ, અથવા કેટલીક ગેસ્ટ્રિક બાય-પાસ કાર્યવાહીઓ આ FAP દ્વારા આવરવામાં આવેલ નથી.
- સહ-ચુકવણી અથવા કપાતપાત્ર દર્દીની બેલેન્સ સાથેની આવક આધારિત વીમા યોજનાઓ નાણાકીય સહાય માટે પાત્ર ગણવામાં આવી શકે છે.
- નાણાકીય સહાય માટે પાત્રતા અવધિ એક વર્ષ છે. PSH પાસે નવી અરજીની વિનંતી કરવાની અને દર્દીના વિવેક મુજબ ચૂકવણી કરવાની ક્ષમતાના મૂલ્યાંકનનો અધિકાર છે.

**અરજી કરવાની પ્રક્રિયા:**

- નાણાકીય મદદની અરજીઓ ઓનલાઇન PSH વેબસાઇટ દ્વારા, કોઈપણ ક્લિનીક સ્થળ પરના વ્યક્તિ પાસે, અથવા મેઈલ દ્વારા ઉપલબ્ધ થશે.
- દર્દીની આવક અને કુટુંબના કદના ધોરણોને પૂર્ણ કરે છે, તેની ખાતરી કરવા માટે નીચેનું પૂર્ણ, યોગ્ય, સહાયક ઘરગથ્થુ દસ્તાવેજ પ્રદાન કરવો આવશ્યક છે.
  - તાજેતરમાં જ ફાઇલ કરેલું ફેડરલ આવક વેરા રિટર્ન
  - તાજેતરની ચાર (4) પગાર પાવતીઓ
  - તાજેતરના ચાર (4) બૅંક સ્ટેટમેન્ટ
  - સામાજિક સુરક્ષા આવક નિર્ધારણ
  - બેરોજગારીની આવક
  - પેન્શનની આવક
  - સંપત્તિ અથવા જવાબદારી સમાધાનો માંથી વિતરણનું પુષ્ટિકરણ (સંપત્તિ અથવા દાવાની સમાપ્તિના અંતિમ સમાધાન સુધી નાણાકીય સહાયતા ધ્યાનમાં લેવામાં આવશે નહીં).
  - તબીબી સહાય અથવા સ્વાસ્થ્ય વીમા બજાર નિર્ધારણ.
  - નાગરિકત્વનો પુરાવો અથવા કાયદાકીય સ્થાયી નિવાસ દરજ્જો (ગ્રીન કાર્ડ).

- ○ જો ઘરની કોઈ આવક ન હોય તો, વ્યક્તિ(ઓ) કે જે જીવન ખર્ચ માટે સહાય કરે છે તેમની પાસેથી પત્ર.
- ○ નાણાકીય સહાયની પાત્રતા નક્કી કરવા નાણાકીય સહાયની અરજીની પૂરતી સમીક્ષા કરવા માટે PSH દ્વારા આવશ્યક માનવામાં આવેલી કોઈપણ અન્ય માહિતી.

- જો અરજીમાં આપવામાં આવેલી માહિતી યોગ્ય નિર્ણય લેવા માટે અપર્યાપ્ત છે, તો વધારાની માહિતી પૂરી પાડવા માટે બાંયધરી આપનારનો સંપર્ક કરવામાં આવશે.

**મૂલ્યાંકન પદ્ધતિ અને પ્રક્રિયા**

- એક વખત દર્દી FAP આવેદન દાખલ કરી દે ત્યાર પછી દર્દી વિરુદ્ધ કોઇ પણ ECAsને PSH સસ્પેન્ડ કરી દેશે, ભલે પછી તે આવેદન પૂર્ણ હોય કે નહીં.

નાણાકીય સહાય માટે મંજૂરી સ્તર નીચે પ્રમાણે છે:

| **કર્મચારીનું સ્તર:** | **નાણાકીય સલાહકારો** | **વરિષ્ઠ સાથી** | **ટીમ મેનેજર/ મેનેજર** | **સિનિયર ડાયરેક્ટર મહેસૂલ ચક્ર** | **મહેસૂલ ચક્ર ઓપરેશનના ઉપપ્રમુખ અથવા મુખ્ય નાણાકીય અધિકારી** |
|---|---|---|---|---|---|
| **રકમ:** | < $500 | <$5,000 | <$25,000 | <$50,000 | >$50,000 |

- એકવાર અરજીની સમીક્ષા થઈ જાય, તે પછી, નિર્ણયની વાતચીત કરવા માટે દર્દી અથવા બાંહેધરી આપનારને એક ટેલિફોન કોલ કરવામાં આવશે અને પત્ર મોકલવામાં આવશે.
- નાણાકીય સહાયતા નિર્ધારણ કરનાર વ્યક્તિ દર્દીના એકાઉન્ટને બિલિંગ સિસ્ટમમાં દસ્તાવેજીકૃત કરશે અને "સમીક્ષા માટે વિનંતી" ફોર્મ પર સહી કરશે. આગળ વધુ વ્યવસ્થાપન માટે એકાઉન્ટને યોગ્ય કર્મચારી સભ્ય પાસે સંદર્ભિત કરવામાં આવશે.
- જો કોઈ દર્દી આર્થિક સહાય માટે પાત્ર છે અને કોબ્રા લાભો માટે પાત્ર છે, તો સંસ્થા તરીકે PSH માસિક વીમા પ્રીમિયમ ચૂકવવાનું પસંદ કરી શકે છે.
- ચેરીટીની મંજૂરી પર, કોઈપણ ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીને જાણ કરવામાં આવેલ કરજ 30 દિવસની અંદર પાછું ખેંચી લેવામાં આવશે.

- એકવાર દર્દીના મળવા પાત્ર એકાઉન્ટમાં નાણાકીય સહાય સમાયોજન થઈ જાય, પછી પ્રાપ્ત થયેલી કોઈપણ પાછલી અથવા પછીની ચૂકવણી દર્દીઓને પરત કરી દેવામાં આવશે.
- એવા દર્દીઓ કે જેમના એકાઉન્ટ પહેલાથી જ કલેક્શન એજન્સીને સંદર્ભિત કરવામાં આવ્યા છે તેઓ હજી પણ અરજી કરી શકે છે અને નાણાકીય સહાય માટે મંજૂરી મેળવી શકે છે.
- જો નાણાકીય સહાય મંજૂર કરવામાં આવે, તો યોગ્ય કર્મચારી સભ્ય સમાયોજન પધ્ધતિમાં દાખલ કરશે અને દર્દીઓના તબીબી રેકોર્ડ નંબર હેઠળ તમામ ખુલ્લા એન્કાઉન્ટરની ઓળખ અને સમીક્ષા કરશે અને નાણાકીય સહાય ડિસ્કાઉન્ટ લાગુ કરશે.
    - નાણાંકીય પરામર્શ અને/અથવા પૂર્ણ કરેલી અરજીને જમા કરવામાં નિષ્ફળતા તેવી ક્રિયાઓ તરફ દોરી જશે જે **RC-002 દર્દી ક્રેડિટ અને કલેક્શન પોલિસી માં રેખાંકિત કરેલા છે**.
    - PSH ની જાળવણીની નીતિ મુજબ સાત વર્ષ સુધી નાણાકીય અરજી અને/અથવા નાણાકીય માહિતીની નકલ રાખવામાં આવે છે.
    - સમાન કેલેન્ડર વર્ષની અંદર જ નાણાકીય સહાય માટે વધારાની અરજીઓ માટે સહાયક દસ્તાવેજોની જરૂર નથી, સિવાય કે ફાઇલ પર પહેલાથી જ રહેલી માહિતીમાંફેરફાર થયેલો હોય.
    - અપવાદરૂપ સ્થિતિમાં સંચાલકો તેમના વિવેકનો ઉપયોગ કરે છે, જેમ કે, પરંતુ તે પૂરતા મર્યાદિત નથી: (ઉદાહરણો નીચે પ્રમાણે છે):
        - દર્દીની આવક ચેરીટી માર્ગદર્શિકા કરતાં વધું છે, પરંતુ; એક આપતિજનક તબીબી ઘટનાને કારણે તેમનું તબીબી ઋણ તેમની વાર્ષિક આવક કરતાં વધી ગયું છે.
        - દર્દી એવા દાવામાંથી પતાવટ મેળવે છે, જેની રકમ એકાઉન્ટની બેલેન્સ કરતાં ઓછી હોય છે અને જેમની પાસે તફાવતની ચુકવણી કરવા માટે પૂરતી વ્યક્તિગત ગણનાપાત્ર સંપત્તિ/આવક હોતી નથી.
        - ચુકવણી કરવા માટે દર્દી નાણાં ઉધાર લેવા તૈયાર છે, પરંતુ એકાઉન્ટ પર નીકળતી લેણી રકમને કારણે યોગ્ય ઠરી શકતા નથી (ધિરાણ સંસ્થા પાસેથી ખરાઈ કરાવવી જરૂરી છે).
        - દર્દી બેલેન્સના ભાગને આવરી લેવા બાકીની સંપત્તિ સમાપ્ત કરવા તૈયાર છે.
        - દર્દી નાણાકીય અરજી પૂર્ણ કરતો નથી, પરંતુ નિર્ણય લેવા માટે પૂરતી આવક/નાણાકીય માહિતી પ્રાપ્ત થયેલી છે.

**આ દસ્તાવેજમાં સંદર્ભિત બધી નીતિ સમીક્ષા માટે PSH વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને વિનંતી પર પ્રિન્ટ નકલ ઉપલબ્ધ છે.**

**આ નીતિ Penn State Health ના સ્વૈચ્છિક, ચેરિટેબલ ધ્યેયને રજૂ કરે છે. તદનુસાર, ન તો આ નીતિ અથવા તેના કોઈપણ ઉલ્લંઘનને હોસ્પિટલના ભાગ પર અથવા કોઈપણ દર્દી અથવા તૃતીય પક્ષના કોઈપણ હક પર કોઈ કાનૂની જવાબદારી બનાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

## સંબંધિત નીતિઓ અને સંદર્ભો

**આ નીતિ સાથે શામેલ પરિશિષ્ટ નીચે મુજબ છે:**

- <u>પરિશિષ્ટ A</u> – નાણાકીય સહાય કાર્યક્રમ - Hershey Medical Center દ્વારા આવરવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ
- <u>પરિશિષ્ટ B</u> – ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ – CPMG દ્વારા આવરવામાં આવેલ – પ્રોવાઇડર્સ/સર્વિસિસ
- <u>પરિશિષ્ટ C</u> – હોલી સ્પિરિટ હેલ્થ સિસ્ટમ ફિઝિશિયન ગ્રુપ્સ
- **<u>પરિશિષ્ટ D</u>** – Penn State Health Life Lion LLC
- **<u>પરિશિષ્ટ E</u>** –Penn State Health Hampden Medical Center
- સાદો ભાષા સારાંશ અને નાણાંકીય સહાય અરજી

**નોંધ: સામાન્યપણે, તમામ Penn State Health Hershey Medical Center અને Community Practice Division ફિઝિશિયન્સ આ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામને સન્માન આપશે સિવાય કે <u>પરિશિષ્ટ</u> માં નોંધવામાં ન આવેલ હોય.**

## મંજૂરીઓ

| | |
|---|---|
| પ્રમાણિત કરનાર: | Paula Tinch, સિનિયર વાઇસ પ્રેસિડન્ટ અને ચિફ ફાયનાન્સિયલ ઓફિસર |
| મંજૂરી આપનાર: | Dan Angel, રેવન્યૂ સાયકલના વાઈસ પ્રેસિડન્ટ |

## બનાવ્યાની તારીખ અને સમીક્ષાઓ

બનાવ્યાની તારીખ: 10/1/2010

સમીક્ષા તારીખ (ખો): 10/10. 02/16, 6/17, 2/18, 2/19, 1/20, 9/20, 3/21

સુધારેલ: 10/10; 1/12, 12/14, 02/16 – બદલેલ 10/10 પૉલિસી; 6/17, 2/18, 10/18, 11/18, 2/19, 1/20, 9/20, Spirit Physician Services, Inc. ઉમેર્યું.; 3/21 Penn State Life Lion LLC ઉમેર્યું, 11/21

**વિષય સમીક્ષકો અને યોગદાન કરનારાઓ**

સીનિયર ડાયરેકટર્સ ઓફ રેવન્યુ સાયકલ; મેનેજર પેશન્ટ એક્સેસ ફાઇનાન્શિયલ કાઉન્સેલિંગ

## પરિશિષ્ટ A

### Penn State Health Hershey Medical Center

### નાંણાકીય સહાય કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- તીવ્ર પીડા વ્યવસ્થાપન (Acute Pain Management)
- એલર્જી ઇમ્યુનોલોજી (Allergy Immunology)
- એનાટોમિક પેથોલોજી (Anatomic Pathology)
- એનેસ્થેસિયા (Anesthesia)
- એનેસ્થેસિયા મહત્ત્વપૂર્ણ સંભાળ (Anesthesia Critical Care)
- તીવ્ર પીડા વ્યવસ્થાપન (Acute Pain Management)
- કાર્ડિયોલોજી (Cardiology)
- કાર્ડિયોલોજી મહત્ત્વપૂર્ણ સંભાળ (Cardiology Critical Care)
- કાર્ડિયોલોજી સીટી સર્જરી (Cardiology Ct Surgery)
- કાર્ડિયોલોજી હાર્ટ ફેલ્યોર (Cardiology Heart Failure)
- કાર્ડિઓલોજી ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજી (Cardiology Interventional Cardiology)
- કાર્ડિઓલોજી ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી (Cardiology Interventional Radiology)
- ક્લિનિકલ પેથોલોજી (Clinical Pathology)
- કોલોરેક્ટલ સર્જરી (Colorectal Surgery)
- દાંતની સર્જરી (Dentistry Surgery)
- ડર્મેટોલોજી મોહસ (Dermatology Mohs)
- ત્વચારોગ વિજ્ઞાન (Dermatology)
- ડર્મેટોપેથોલોજી (Dermatopathology)
- કટોકટીની દવા (Emergency Medicine)
- એન્ડોક્રિનોલોજી (Endocrinology)
- પારિવારીક દવા (Family Medicine)
- સ્ત્રીની પેડું સંબંધી દવા (Female Pelvic Medicine)
- ગેસ્ટ્રોએન્ટરોલોજી (Gastroenterology)
- ગાયનેકોલોજિક ઑન્કોલોજી (Gynecologic Oncology)
- હેમેટોલોજી ઑન્કોલોજી (Hematology Oncology)
- હેમેટોલોજી ઑન્કોલોજી પેથોલોજી (Hematology Oncology Pathology)
- હોસ્પિટાલિસ્ટ દવા (Hospitalist Medicine)
- ચેપી રોગ (Infectious Disease)
- આંતરિક દવા (Internal Medicine)
- મેટરનલ ફીટલ દવા (Maternal Fetal Medicine)
- નેફ્રોલોજી (Nephrology)
- ન્યુરોલોજી (Neurology)
- ન્યુરોલોજી એપીલેપ્સી (Neurology Epilepsy)
- ન્યુરોલોજી ન્યુરોમસ્ક્યુલર (Neurology Neuromuscular)
- ન્યુરોલોજી સ્ટ્રોક (Neurology Stroke)
- ન્યુરોપ્સીકોલોજી (Neuropsychology)
- ન્યુરોસર્જરી (Neurosurgery)

- ન્યુરોસર્જરી મહત્ત્વપૂર્ણ સંભાળ (Neurosurgery Critical Care)
- ન્યુક્લિયર દવા (Nuclear Medicine)
- ઓબ્સ્ટેટ્રિક્સ ગાયનેકોલોજી* (Obstetrics Gynecology*)
- ઓપ્થેલ્મોલોજી* (Ophthalmology*)
- ઑપ્ટોમેટ્રી (Optometry)
- ઓર્થોપેડિક સર્જરી (Orthopedic Surgery)
- ઓટોલેરીંગોલોજી* (Otolaryngology*)
- પીડા વ્યવસ્થાપન (Pain Management)
- પેલિએટીવ દવા (Palliative Medicine)
- બાળરોગ કિશોર સંબંધી દવા (Pediatric Adolescent Medicine)
- બાળરોગ એલર્જી ઇમ્યુનોલોજી (Pediatric Allergy Immunology)
- બાળરોગ કાર્ડિયોલોજી (Pediatric Cardiology)
- બાળરોગ કાર્ડિયોલોજી ટેલિમેડિસિન (Pediatric Cardiology Telemedicine)
- નાના બાળકોનું શોષણ (Pediatric Child Abuse)
- બાળરોગ મહત્ત્વપૂર્ણ સંભાળ (Pediatric Critical Care)
- બાળરોગ સીટી સર્જરી (Pediatric Ct Surgery)
- બાળરોગ એન્ડોક્રિનોલોજી (Pediatric Endocrinology)
- બાળરોગ ગેસ્ટ્રોએન્ટરોલોજી (Pediatric Gastroenterology)
- બાળરોગ જિનેટિક્સ (Pediatric Genetics)
- બાળરોગ હેમેટોલોજી ઑન્કોલોજી (Pediatric Hematology Oncology)
- બાળરોગ હોસ્પિટાલિસ્ટ (Pediatric Hospitalist)
- બાળરોગ ચેપી રોગ (Pediatric Infectious Disease)
- બાળરોગ નિયોનેટોલોજી (Pediatric Neonatology)
- બાળરોગ નેફ્રોલોજી (Pediatric Nephrology)
- બાળરોગ ન્યુરોલોજી (Pediatric Neurology)
- બાળરોગ પેલિએટીવ સંભાળ (Pediatric Palliative Care)
- બાળરોગ પલ્મોનરી દવા (Pediatric Pulmonary Med)
- બાળરોગ પુનર્વસન વિકાસ (Pediatric Rehab Development)
- બાળરોગ રુમૅટોલૉજી (Pediatric Rheumatology)
- બાળરોગ સર્જરી (Pediatric Surgery)
- પીડિઆટ્રિકસ (Pediatrics)
- શારીરિક દવા પુનર્વસન (Physical Medicine Rehab)
- શારીરિક થેરેપી (Physical Therapy)
- પ્લાસ્ટિક સર્જરી (Plastic Surgery)
- પોડિયાટ્રી (Podiatry)
- મનોચિકિત્સા (Psychiatry)
- પલ્મોનરી દવા (Pulmonary Medicine)
- રેડિયેશન ઑન્કોલોજી (Radiation Oncology)
- રેડિયોલોજી (Radiology)
- રીપ્રોડકટીવ એન્ડોક્રિનોલોજી (Reproductive Endocrinology)
- રુમૅટોલૉજી (Rheumatology)
- ઊંઘની દવા (Sleep Medicine)
- સ્પોર્ટ્સ દવા (Sports Medicine)
- સ્પોર્ટ્સ મેડિસિન સેન્ટ કોલેજ (Sports Medicine St College)

- સર્જરી જનરલ (Surgery General)
- સર્જરી મીનિમલી ઇનવાસિવ સર્જરી (Surgery Minimally Invasive Surgery)
- સર્જરી ઑન્કોલોજી (Surgery Oncology)
- સર્જરી થોરેકિક (Surgery Thoracic)
- ટ્રાંસપ્લાન્ટ સર્જરી (Transplant Surgery)
- ટ્રોમા સર્જરી (Trauma Surgery)
- ટ્રોમા સર્જરી મહત્ત્વપૂર્ણ સંભાળ (Trauma Surgery Critical Care)
- યૂરોગાયનેકોલોજી એન્ડ મીનિમલી ઇન્વેસિવ સર્જરી (Urogynecology And Minimally Invasive Surgery)
- યૂરોલોજી* (Urology*)
- વૅસ્ક્યુલર સર્જરી (Vascular Surgery)

***નાણાકીય સહાય કાર્યક્રમ દ્વારા ન આવરવામાં આવેલ પ્રદાતા/સેવાઓ જુઓ**

**નાણાકીય સહાય કાર્યક્રમ દ્વારા ન આવરવામાં આવેલ પ્રદાતા/સેવાઓ**

- કોસ્મેટિક સર્જરી
- હીઅરિંગ એઇડ સર્વિસિસ
- સમ ગેસ્ટ્રિક બાયપાસ પ્રોસીજર્સ
- ઇનવિટ્રો/ઇનફર્ટિલિટી સર્વિસિસ
- ઓપ્ટિકલ શોપ
- પીનલ ઇમ્પ્લાન્ટસ

Penn State Health Medical Group દ્વારા નિયુક્ત ન હોય તેવા ફિઝિશિયનો માટે, આ નીતિ તેઓના શુલ્કો પર લાગુ પડતી નથી. આ આરોગ્ય સંબાળ પ્રદાતા દ્વારા બિલ બનાવવામાં આવેલ પ્રોફેશનલ ફીસ માટેના શુલ્કોની ચૂકવણી દર્દીની જવાબદારી છે અને આ નીતિ હેઠળ ડિસ્કાઉન્ટ અથવા નાણાકીય સહાય હેઠળ પાત્ર ઠરતી નથી. આ નીતિ માત્ર Penn State Health Milton S. Hershey Medical Center ખાતે પૂરી પાડવામાં આવેલ આકસ્મિકતા માટેની ફી અને અન્ય તબીબી રીતે આવશ્યક કાળજીને જ લાગુ પડે છે.

## પરિશિષ્ટ B

## સમુદાય પ્રેક્ટિસ વિભાગ

## નાંણાકીય સહાય કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- કાર્ડિયોલોજી (Cardiology)
- કાર્ડિઓવસ્કયુલર (Cardiovascular)
- ક્રિટિકલ કેઅર (Critical Care)
- ફેમિલી પ્રેક્ટિસ (Family Practice)
- ગેસ્ટ્રોએન્ટરોલોજી (Gastroenterology)
- જનરલ સર્જરી (General Surgery)
- જેરિએટ્રિક મેડિસીન (Geriatric Medicine)
- હેમાટોલૉજિ (Hematology)
- હોસ્પિટાલિસ્ટ (Hospitalist)
- આંતરિક દવા (Internal Medicine)
- ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજી (Interventional Cardiology)
- ન્યુક્લીઅર કાર્ડિઓલોજી (Nuclear Cardiology)
- ગાયનેકોલોજી (Gynecology)
- ઓન્કોલોજી (Oncology)
- ઓર્થોપેડિક સર્જરી (Orthopedic Surgery)
- પીડિઆટ્રિકસ (Pediatrics)
- પલ્મનરી (Pulmonary)
- રેડિયોલોજી (Radiology)
- ઊંઘની દવા (Sleep Medicine)
- રુમૅટોલૉજી (Rheumatology)

## પરિશિષ્ટ C

### Spirit Physician Services, Inc.

### નાંણાકીય સહાય કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવેલા પ્રદાતાઓ/સેવાઓ

- એનેસ્થેસિયા (Anesthesia)
- વર્તન સ્વાસ્થ્ય (Behavioral Health)
- કાર્ડિયોલોજી (Cardiology)
- કાર્ડિએક કેથ અને EP લેબ્સ (Cardiac Cath & EP Labs)
- કાર્ડિએક રિહેબ અને મેન્ટેનન્સ (Cardiac Rehab & Maintenance)
- કાર્ડિએક ઇમેજિંગ સર્વિસિસ (Cardiac Imaging Services)
- કાર્ડિઓથોરેપિક સર્જરી (Cardiothoracic Surgery)
- ક્લિનિકલ ન્યુટિશન (Clinical Nutrition)
- CMSL-એડલ્ટ PCPs (CMSL-Adult PCPs)
- CMSL-પેડિયાટ્રિક PCPs (CMSL-Pediatric PCPs)
- ડર્મેટોલોજી/Moh’s સર્જરી (Dermatology/Moh’s Surgery)
- કટોકટીની દવા (Emergency Medicine)
- એન્ડોક્રિનોલોજી (Endocrinology)
- ગેસ્ટ્રોએન્ટરોલોજી/એન્ડોસ્કોપી (Gastroenterology/Endoscopy)
- જનરલ સર્જરી/બ્રેસ્ટ કેન્સર સેન્ટર (General Surgery/Breast Cancer Center)
- હોસ્પિટાલિસ્ટસ - એડલ્ટ્સ (Hospitalists – Adults)
- હિપેટોલોજી આઉટરીચ (Hepatology Outreach)
- ચેપી રોગ (Infectious Disease)
- ઇન્ફ્યૂઝન સેન્ટર આઉટપેશન્ટ (Infusion Center Outpatient)
- ઇન્ટરવેનશનલ રેડિયોલોજી (Interventional Radiology)
- લેબોરેટરી /પેથોલોજી (Laboratory/Pathology)
- ન્યુરોલોજી (Neurology)
- ન્યુરોસર્જરી (Neurosurgery)
- NICU
- ઑક્યુપેશનલ હેલ્થ (Occupational Health)
- ઑર્થપીડિક્સ (Orthopedics)
- ઑર્થોટિક્સ (Orthotics)
- ઓસ્ટોમી (Ostomy)
- પેલિઅટિવ સંભાળ (PALLIATIVE CARE)
- બાળરોગ વિશેષતાઓ (Pediatric Specialties)
- ફાર્મસી (Pharmacy)
- પોડિયાટ્રી (Podiatry)
- પ્લાસ્ટિક સર્જરી (Plastic Surgery)
- રેડિયોલોજી (Radiology)
- રેડિએશન ઓન્કોલોજી/રેડિએશન થેરપી (Radiation Oncology/Radiation Therapy)
- રિહેબિલિટેટિવ/PT/OT (Rehabilitative/PT/OT)
- પાલ્મોનરી/ક્રિટિકલ કેર (Pulmonary/Critical Care)

- ઊંઘની દવા (Sleep Medicine)
- SNF
- ટેલિમેડ (Telemed)
- ટ્રોમા (Trauma)
- તાકીદની સંભાળ (Urgent Care)
- વેસ્ક્યુલર સર્જરી (Vascular Surgery)
- મહિલા આરોગ્ય (Women's Health)
- વુન્ડ કેર/હાયરબેરીક સેન્ટર્સ

**પરિશિષ્ટ D**

Penn State Health Life Lion LLC

**પરિશિષ્ટ E**

Penn State Health Hampden Medical Center (10/1/21 થી લાગુ)